**ભયમુક્ત માહોલ અને 'પરીક્ષામિત્ર' હેલ્પલાઈનથી બોર્ડના વિદ્યાર્થીઓને રાહત**

# QR કોડથી પરીક્ષા કેન્દ્ર મળી જશે

**ટ્રાફિક** વ્યવસ્થા અને પોલીસ દેખરેખથી પરીક્ષાર્થીઓને સમયસર કેન્દ્ર સુધી પહોંચાડવાની તૈયારી

સુરતઃ 26 ફેબ્રુઆરીથી શરૂ થનારી ધોરણ 10 તથા 12 બોર્ડ પરીક્ષાઓને લઈ સુરત જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.ભગીરથસિંહ પરમારે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ વર્ષે સુરત શહેર-જિલ્લામાં કુલ ૧,૬૫,૯૯૦ વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે, જે રાજ્યમાં સૌથી વધુ છે. જેમાં ધો.૧૦ના ૯૨,૨૮૦, ધો.૧૨ સામાન્ય પ્રવાહના ૫૫,૦૫૦ અને વિજ્ઞાન પ્રવાહના ૧૫,૭૪૦ વિદ્યાર્થી સામેલ છે. કલેક્ટર ડૉ.પારધીએ પોલીસ તંત્રને સૂચના આપી હતી કે પરીક્ષા દરમિયાન શહેર તથા જિલ્લામાં ટ્રાફિક વ્યવસ્થા એવી ગોઠવવામાં આવે કે કોઈપણ વિદ્યાર્થી મોડું ન પડે.

### આદિજાતિ અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે 14 વધારાની બસો દોડાવાશે

ગ્રામ્ય તથા અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રો સુધી સરળતાથી પહોંચવા માટે GSRTC દ્વારા ૧૪ વધારાની બસો દોડાવવામાં આવશે. આ પગલું ખાસ કરીને આદિજાતિ વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ સાબિત થશે.

### 'પરીક્ષામિત્ર હેલ્પલાઈન'થી અભ્યાસ અને માનસિક માર્ગદર્શન

સુરત જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓ માટે ખાસ 'પરીક્ષામિત્ર હેલ્પલાઈન' શરૂ કરાઈ છે. આ હેલ્પલાઈનમાં વિવિધ વિષયોના ૧૯૦ શિક્ષક અને ૨ મનોવૈજ્ઞાનિક સહિત કુલ ૧૯૨ પરીક્ષામિત્ર જોડાયેલા છે. વિદ્યાર્થીઓ અભ્યાસ સંબંધિત શંકા, પ્રશ્નો તેમજ પરીક્ષાનો માનસિક દબાણ કે મૂંઝવણ અંગે માર્ગદર્શન મેળવી શકશે. આ ઉપરાંત, કોઈપણ માહિતી કે મદદ માટે જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો કંટ્રોલરૂમ નંબર ૦૨૬૧-૨૬૬૨૯૦૨ ઉપર સંપર્ક કરી શકાશે.

### ડીઈઓ દ્વારા "પરીક્ષા મિત્ર હેલ્પલાઇન" શરૂ, 192 નિષ્ણાતની ટીમ

» ધોરણ 10 માટે 62 શિક્ષક » ધોરણ 12 સામાન્ય પ્રવાહ માટે 88 શિક્ષક » ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ માટે 40 શિક્ષક » 2 મનોવૈજ્ઞાનિક » કુલ 192 પરીક્ષામિત્રની ટીમ

### સ્થાનિક સ્ક્વોડ, ઓળખપત્ર ફરજિયાત, બુટ પહેરવા પર પ્રતિબંધ નહીં

જિલ્લાના તમામ વિજ્ઞાન પ્રવાહના પરીક્ષા કેન્દ્રોમાં સ્થાનિક સ્ક્વોડની રચના કરવામાં આવશે, જેમાં વર્ગ-૧, વર્ગ-૨ તથા અન્ય અધિકારીઓની નિમણૂક કરાશે. પરીક્ષા સમિતિ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કોઈપણ વિદ્યાર્થીને બુટ પહેરીને વર્ગખંડની બહાર કાઢવામાં આવશે નહીં, વિદ્યાર્થીઓ બુટ પહેરીને પ્રવેશી શકશે. તમામ વિદ્યાર્થીઓએ ઓળખપત્ર સાથે પરીક્ષા આપવી ફરજિયાત રહેશે.

### પ્રાયોગિક પરીક્ષા અને GUJCET પણ આયોજનબદ્ધ

વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા તા.૫થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન ૪૬ કેન્દ્રો પર યોજાશે, જેમાં ૩૯,૮૮૦ વિદ્યાર્થી ભાગ લેશે. જ્યારે GUJCET પરીક્ષામાં ૧૧૨૦ બ્લોકમાં ૨૨,૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાનો સમય SSCનો સવારે ૧૦.30થી બપોરે ૧.૧૫ અને HSCનો બપોરે ૩.૦૦ થી સાંજે ૬.૧૫નો રહેશે.

### લાજપોર જેલ ખાતે ધો.10-12ના 32 વિદ્યાર્થી પરીક્ષા આપશે

આ વર્ષે સુરતના લાજપોર જેલ ખાતે ધોરણ 10ના 18 તથા ધોરણ 12 સામાન્ય પ્રવાહના 14 એમ કુલ 32 વિદ્યાર્થી પરીક્ષા આપશે.

# ઇનામી જમીનોના અનઅધિકૃત કબજા હક હવે નિયમબદ્ધ થશે

**સીએમ** ભૂપેન્દ્ર પટેલનો મહત્ત્વનો નિર્ણય

### સરકારનો મોટો નિર્ણય - ઇનામી જમીન મુદ્દે ખેડૂતોને રાહત

● રિગ્રાન્ટ થયેલી કે રિગ્રાન્ટને પાત્ર પરંતુ બાકી રહેલી જમીન હવે સરળતાથી નિયમબદ્ધ થશે ● જમીન નિયમબદ્ધ કરવા માટે પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦% કબજાહક્કની રકમ ભરવી પડશે ● રિગ્રાન્ટ કરાવી હોવા છતાં કબજાકિંમત ન ભરનાર કબજેદારોને સીધો લાભ ● રિગ્રાન્ટ ન થઈ હોય તેવી જમીનના વારસદારોને પણ નિયમબદ્ધતાનો અધિકાર મળશે ● અગાઉ જમીન તબદીલ થઈ ગઈ હોય અને હાલ અન્યના કબજામાં હોય તેવા હાલના કબજેદારોને પણ લાભ ● લાંબા સમયથી ચાલતા જમીન વિવાદો અને કોર્ટ કેસોમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા ● ખેડૂતોને માલિકી હક્કની કાનૂની સુરક્ષા મળશે અને ગ્રામ્ય અર્થતંત્ર મજબૂત બનશે

ગાંધીનગર : સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહેસૂલી ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ખેડૂતોને સીધો રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્યમાં વિવિધ ઇનામી જમીનો પરના અનઅધિકૃત કબજાહક્કને નિયમબદ્ધ કરવાની પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે, જેના પરિણામે હજારો ખેડૂતોને મોટો ફાયદો થશે. મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર, રિગ્રાન્ટ કરેલી હોય અથવા રિગ્રાન્ટ કરવાને પાત્ર હોવા છતાં હજી સુધી રિગ્રાન્ટ ન થયેલી જમીનને હવે સરળતાથી નિયમબદ્ધ કરી શકાશે. આ માટે જમીનની પ્રવર્તમાન જંત્રીના માત્ર ૨૦ ટકા કબજાહક્કની રકમ ભરવાની રહેશે.

આ નિર્ણયનો લાભ એવી જમીનોના કબજેદારોને મળશે કે જેઓએ રિગ્રાન્ટ તો કરાવી છે પરંતુ કબજા કિંમત ભરપાઈ કરી નથી, તેમજ જે જમીનો રિગ્રાન્ટ કરવાને પાત્ર હતી પરંતુ કોઈ કારણસર રિગ્રાન્ટ થઈ ન હતી. ઉપરાંત, વારસદારો કે જેમના નામે આવી જમીનો હાલ ધારણમાં છે તેઓ પણ આ યોજનાના લાભાર્થી બનશે. ઉલ્લેખનીય છે કે , જો આવી ઇનામી જમીનો અગાઉ તબદીલ થઈ ગઈ હોય અને હાલ અન્ય કોઈ વ્યક્તિના કબજામાં હોય તો તેવા કબજેદારોને પણ નિયમબદ્ધતાનો લાભ મળશે, જેનાથી જમીન સંબંધિત લાંબા સમયથી ચાલતા વિવાદોનો અંત આવશે. સીએમ ભૂપેન્દ્ર પટેલનો આ નિર્ણય ખેડૂતોને માલિકી હક્કની સુરક્ષા આપતો, મહેસૂલી વિવાદો ઘટાડતો અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવતો ઐતિહાસિક પગલું તરીકે જોવામાં આવી રહ્યો છે.

# સુરતમાં પડતર માંગણીઓ મુદ્દે રેલવે કર્મીઓનું વિરોધ પ્રદર્શન

**સમગ્ર** મુંબઈ ડિવિઝનમાં વિરોધના સમર્થનમાં કોચ કેર સેન્ટર ખાતે વિશાળ મીટિંગ યોજી શક્તિ પ્રદર્શન કર્યું

### યુનિયન દ્વારા સરકાર સમક્ષ રજૂ કરાયેલી માંગણી

1 ભરતીઃ તમામ કેટેગરીમાં ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક નિયમિત ભરતી કરવી.
2 બોનસઃ રૂ.7,000ની મર્યાદા હટાવી વાસ્તવિક પગારના આધારે બોનસ આપવું.
3 ગ્રેડ પેઃ પોઈન્ટમેન અને ટ્રેકમેન માટે રૂ.4,200 ગ્રેડ પેની જોગવાઈ.
4 ભથ્થાંઃ નાઈટ ડ્યુટી ભથ્થું અને રનિંગ સ્ટાફ માટે કિલોમીટર ભથ્થામાં 25% વધારો.
5 DA એરિયર્સઃ જાન્યુઆરી 2020થી જૂન 2021 સુધીના બાકી મોંઘવારી ભથ્થાની ચૂકવણી.
6 મહિલા કલ્યાણઃ મહિલા કર્મચારીઓ માટે ચાઈલ્ડ કેર લીવ અને ખાસ રજાની સુવિધા.
7 ટેક્સમાં છૂટઃ રનિંગ ભથ્થાના 70% ભાગને આવકવેરા મુક્ત કરવો.
8 પગાર પંચઃ 8મા કેન્દ્રીય પગાર પંચની વહેલી તકે રચના કરવી.

સુરતઃ કેન્દ્ર સરકાર અને રેલવે વહીવટી તંત્ર સામે પોતાની પડતર માંગણીઓને લઈને રેલવે કર્મચારીઓએ ફરી એકવાર મોરચો માંડ્યો છે. 'ઓલ ઈન્ડિયા ડિમાન્ડ ડે' નિમિત્તે વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઇઝ યુનિયન (WREU) દ્વારા સમગ્ર મુંબઈ ડિવિઝનમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે સુરતના કોચ કેર સેન્ટર ખાતે વિશાળ ગેટ મીટિંગ યોજીને શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સુરત ખાતે યોજાયેલી આ બેઠકમાં મોટી સંખ્યામાં રેલવે કર્મચારીઓ ઉમટી પડ્યા હતા. સભાને સંબોધતા સુરત શાખાના સચિવ સંજય ઝાએ જણાવ્યું હતું કે, રેલવે કર્મચારીઓ દિવસ-રાત જોયા વગર રાષ્ટ્રની સેવા કરે છે, પરંતુ તેમના મૂળભૂત અધિકારો અને કલ્યાણના મુદ્દાઓ લાંબા સમયથી પડતર છે. જો વહીવટીતંત્ર ખાલી જગ્યાઓ ભરવા અને કેડર પુનર્ગઠન જેવા મુદ્દે વિલંબ કરશે તો કર્મચારીઓ શાંત બેસશે નહીં.

વિભાગીય પ્રમુખ કોમરેડ જીતેન્દ્ર સિંહ અને વિભાગીય મંત્રી કોમરેડ પ્રશાંત કાનડેએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, આ માત્ર પ્રતિકાત્મક વિરોધ છે. જો રેલવે બોર્ડ અને સરકાર દ્વારા આ માંગણીઓ ગંભીરતાથી લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે અને રેલવેના કામકાજ પર તેની સીધી અસર પડશે. આ કાર્યક્રમમાં કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કરીને પોતાની એકતા પ્રદર્શિત કરી હતી અને વહીવટીતંત્રને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ઉકેલની માંગ કરી હતી.

# અડાજણ STના વિજિલન્સ વિભાગની પાંખો કપાઈ ગઈ

**ભ્રષ્ટાચાર** સહિતની વ્યાપક ફરિયાદો ઊઠતા સરકારનો મોટો નિર્ણય, કર્મચારીઓને રાહત

### વિજલન્સની તપાસની સત્તામાં ફેરફાર

તપાસની મર્યાદાઃ વિજિલન્સ અધિકારીઓ હવે પોતાની મરજી મુજબ ગમે ત્યારે કે ગમે તે કર્મચારી સામે તપાસના ચક્રો ગતિમાન કરી શકશે નહીં.
રિપોર્ટિંગ સ્ટ્રક્ચરઃ તેમની કામગીરી અને રિપોર્ટિંગ પર હવે ઉચ્ચ કક્ષાએથી સીધું મોનિટરિંગ રાખવામાં આવશે.
**અડાજણ કચેરીની સ્થિતિઃ** સુરતના અડાજણ ખાતેની વિજિલન્સ કચેરીમાં અત્યાર સુધી જે ધમધમાટ રહેતો હતો, તે હવે ઓસરી જશે. સત્તામાં કાપ આવતા કર્મચારીઓ પાસે હવે કામના ભારણ કરતા હાજરી પૂરાવવા પૂરતી જ કામગીરી બાકી રહી છે.

### કર્મચારીઓમાં આનંદની લહેર

વિજિલન્સની સત્તા પર કાપ મૂકવાના સમાચાર મળતા જ એસ.ટી. નિગમના નાના-મોટા કર્મચારીઓમાં હર્ષની લાગણી ફેલાઈ છે. કર્મચારી સંગઠનોનું માનવું છે કે આ નિર્ણયથી વહીવટી તંત્રમાં વધુ શુદ્ધતા આવશે અને જે કર્મચારીઓ પ્રમાણિકતાથી કામ કરે છે તેમને વિજિલન્સના ખોટા ત્રાસમાંથી મુક્તિ મળશે.

સુરતઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના વિજિલન્સ વિભાગની જોહુકમી અને શંકાસ્પદ કામગીરી સામે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો આખરે અંત આવ્યો છે. સુરતના અડાજણ સ્થિત એસ.ટી. નિગમની કચેરીમાં કાર્યરત વિજિલન્સ વિભાગ સામે વ્યાપક ફરિયાદો ઉઠતા રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. સરકાર દ્વારા વિજિલન્સ વિભાગની સત્તામાં મોટો કાપ મૂકવામાં આવતા હવે અડાજણ કચેરીના વિજલન્સ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ 'નવરાધૂપ' જેવી સ્થિતિમાં આવી ગયા છે.

છેલ્લા ઘણાં સમયથી એસ.ટી. વિભાગના વિવિધ યુનિયનો દ્વારા વિજિલન્સ વિભાગની કામગીરી સામે ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા હતા. યુનિયનોની ફરિયાદ હતી કે વિજિલન્સના અધિકારીઓ નિયમોનું પાલન કરાવવાને બદલે કર્મચારીઓને બિનજરૂરી રીતે પરેશાન કરે છે. ખાસ કરીને સુરત ડિવિઝનમાં વિજિલન્સની 'કનડગત' એટલી હદે વધી ગઈ હતી કે ડ્રાઈવર અને કંડક્ટરોમાં ભારે રોષ જોવા મળતો હતો. વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી કે આ વિભાગ પારદર્શિતાને બદલે પોતાની સત્તાનો દુરુપયોગ કરી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા આ આકરા નિર્ણય પાછળ મુખ્યત્વે વિજિલન્સ વિભાગની કરતૂત અને વહીવટી શિસ્તનો અભાવ જવાબદાર હોવાનું મનાય છે.

# ગુજરાતના રેલવે બજેટમાં 29 ગણો વધારો કરાયો

સુરત : ગુજરાતમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મુસાફર સુવિધાઓમાં અભૂતપૂર્વ વિકાસ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં રેલવે માટે ફાળવાયેલા બજેટમાં ઐતિહાસિક વધારો થયો છે. 2009-14 દરમિયાન જ્યાં વાર્ષિક સરેરાશ બજેટ 589 કરોડ હતું, ત્યાં 2026-27 માટે આ આંકડો વધીને 17,366 કરોડ થયો છે – જે લગભગ 29 ગણો વધારો દર્શાવે છે.રાજ્યમાં હાલ અંદાજે 1,28,748 કરોડના કામો પ્રગતિ પર છે. આ રોકાણ ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનર્વિકાસ અને સુરક્ષા સુવિધાઓના વ્યાપક વિકાસ ને આવરી લે છે.ગુજરાતના 87 સ્ટેશનોને સંપૂર્ણ પુનર્વિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે. કુલ રોકાણઃ 6,058 કરોડ છે. અત્યાર સુધી 19 સ્ટેશનો પર કામ પૂર્ણ થયું છે, જેમાં ડાકોર, ડેરોલ, હાપા, જામજોધપુર, મોરબી, ઓખા, પોરબંદર સહિત અનેક સ્ટેશનોનો સમાવેશ થાય છે.

નેટવર્ક વિસ્તરણ અને 100% વિદ્યુતીકરણ 2014 બાદ ગુજરાતમાં આશરે 2,900 કિમી નવા રેલવે ટ્રેક નું નિર્માણ થયું છે, જે ડેનમાર્કના કુલ રેલ નેટવર્ક કરતા વધુ છે.આ ઉપરાંત, રાજ્યમાં 100% રેલવે લાઈનોનું વિદ્યુતીકરણ પૂર્ણ થયું છે, જેમાં 4,005 કિમી ટ્રેક સામેલ છે. સુરક્ષા અને ટ્રાફિક સુવિધા માટે 1,177 ફ્લાયઓવર અને અંડરપાસનું નિર્માણ પણ કરવામાં આવ્યું છે.

# તમામ દુખાવાને ટેબ કિલનિક્સ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરે છે

સુરતઃ ઘુંટણ તથા કમરના મણકાના સખત દુઃખાવા, સોજા તથા જકડાહટનો સચોટ, એકમાત્ર વિશ્વનીય, આડઅસર રહિત શુદ્ધ આયુર્વેદિક ઉપચાર ટેબ ક્લિનિક્સ દ્વારા કરવામાં આવી રહ્યો છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા કે યુરોપીયન દેશોમાં વાતાવરણ વધુ ઠંડુ હોવાથી તથા સખત પરિશ્રમના કારણે તેઓમાં હાડકા-સાંધાના દુઃખાવાઓનું પ્રમાણ ઘણું જોવા મળે છે. તેઓ જયારે સ્વદેશ આવે ત્યારે આપણી સ્વદેશી પધ્ધતિથી સારવાર કરાવવાનું પસંદ કરી રહ્યા છે. કારણકે આયુર્વેદ એ પ્રાકૃતિક અને સંપૂર્ણ ઉપચાર પ્રણાલી છે. ટેબ કિલનિક્સમાં આયુર્વેદમાં જણાવેલા દરેક પાસાઓનું નિરીક્ષણ કરીને, લાંબા સમયના સંશોધન પછી વિકસાવેલી સારવાર પધ્ધતિથી દર્દીને સંપૂર્ણરીતે સાજા કરવામાં આવે છે. દવાઓ કે ઓપરેશન થી દુઃખાવો મટાડી શકાય પણ લોહીમાં ભળી ગએલ વા ને કઈ રીતે કાઢી શકાય ?

ટેબની સારવાર દર્દીની પ્રકૃતિ, બળ, સામ-નિરામ, ઉંમર, પાચનશકિત વ. નો વિચાર કરીને દરેક દર્દી માટે વિશેષ માવજતથી તૈયાર કરવામાં આવે છે જેમાં કોઈ પણ પ્રકારની પ્રીઝર્વેટીવ્સ, પેઈનકીલર્સ કે સ્ટીરોઈડ્સ ઉમેરવામાં આવતા નથી. સારવાર પુરી થયા પછી દર્દી X-ray કે MRI કરાવીને જોઈ શકે છે કે માત્ર દુઃખાવો જ જતો રહ્યો છે એવું નથી પણ સાંધાઓ અંદરથી પૂર્ણરૂપથી repair થઈ ગયા છે. સારવાર પુરી થયા પછી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે, ઉભડક બેસી શકે છે, દાદર ચડ-ઉતર કરી શકે છે. પોતાનું કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે છે. ટેબ કિલનીક્સ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી અને સપ્તાહના સાતેય દિવસ - રવિવારે પણ રાબેતા મુજબ ચાલુ રહે છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ગયા બજેટની...

આશાસ્પદ જાહેરાતો થઈ શકે છે. બીજી તરફ હકીકત એ છે કે ગત વર્ષ 2025-26ના બજેટમાં જાહેર કરાયેલા અનેક પ્રોજેક્ટ્સ અને આયોજનો આજે પણ માત્ર કાગળ પર જ સીમિત રહ્યા છે. અનેક વિકાસકાર્યોની શરૂઆત જ થઈ નથી, તો કેટલાક પ્રોજેક્ટ અધવચ્ચે અટવાઈ ગયા છે, જેમાં ઘણા ફ્લાયઓવર, બ્રિજ, કોટ વિસ્તારમાં પહેલો આઈકોનિક રોડ, વોટર મેટ્રો, ફાયર એકેડમીથી લઈને લોજિસ્ટિક્સ હબ અને ટુરિઝમ ડેવલપમેન્ટ સુધીનાં અનેક આયોજનો રજૂ કરાયાં હતાં. પરંતુ વર્ષ પૂર્ણ થવા છતાં આ પૈકી મોટા ભાગના પ્રોજેક્ટ આજે પણ માત્ર કાગળ પર જ સીમિત હોવાનું ચિત્ર સામે આવ્યું છે.

### આજે સુરત...

અનુસાર શાસકો સાથે સંકલન મીટિંગ કર્યા બાદ બજેટનો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. આ બજેટનું કદ 11000 કરોડની અંદર રહેવાની શકયતા છે. તેમજ વેરાના દરોમાં કોઇ વધારો સૂચવાયો નહીં હોવાનું મનપાના સૂત્રો જણાવી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી મ્યુનિ. કમિશનર નાગરાજન દ્વારા પૂર્વ કમિશનરે તૈયાર કરેલા બજેટના માળખા અંગે એકાઉન્ટ વિભાગ અને તમામ ડિવિઝનલ હેડ્સ સાથે વિસ્તૃત ચર્ચા કરીને જરૂરી સુધારાઓ કરવામાં આવ્યા હતા. આજે મોડી સાંજે અંતિમ ઘડીએ કરવામાં આવેલા ફેરફારો સાથે ડ્રાફ્ટ અને રીવાઈઝ બજેટને અંતિમ ઓપ આપવામાં આવ્યો છે. આંતરિક સૂત્રોનો જણાવ્યા મુજબ નવા કમિશનર એમ.નાગરાજનના પ્રથમ બજેટનું કદ રૂપિયા 10,500થી 10,700 કરોડની વચ્ચે રહેવાની શકયતા છે. જ્યારે રીવાઈઝ કેપિટલ ખર્ચનો આંકડો 3,500 કરોડથી 3,600 કરોડની આસપાસ પહોંચે તેવી સંભાવના છે. કેમ કે હાલ કેપિટલ ખર્ચ 2500 કરોડ પર જ પહોંચ્યો છે. આ પરિસ્થિતિમાં કેપિટલ પ્રોજેક્ટ્સ માટે ઉપલબ્ધ કુલ જોગવાઈમાં 1,000 કરોડથી વધુનો મોટો ઘટાડો થશે. જો કે ડ્રાફ્ટ બજેટમાં વિકાસ કામો માટે 4500 કરોડની જોગવાઈ યથાવત રખાય તેવી શકયતા છે.

### મધમાખીના અસ્તિત્વ...

પ્રમાણમાં મેળવી શકાય છે. પરંતુ ખેતરોમાં મોટાભાગે રાસાયણિક ઝેરી દવાના છંટકાવને લઇને મધમાખીઓ જીવતી રહી શકતી નથી. તેના કારણે મધ ઉત્પાદન પર સીધી અસર પડી રહી છે. કુદરતી મધમાખીઓ નાશ પામવાનું સૌથી મોટું કારણ ખેતીમાં વધતો પેસ્ટીસાઈડનો ઉપયોગ હોવાનું જાણકારો જણાવી રહ્યા છે. રાસાયણિક દવાઓના છંટકાવથી માખીઓનું પ્રજનન ઘટી રહ્યું છે તેમજ ઘણી માખીઓ મરી રહી છે.

પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે જો હવામાન પરિવર્તન અને રાસાયણિક ખેતી પર સમયસર નિયંત્રણ નહીં લાવવામાં આવે તો માત્ર મધ ઉત્પાદન જ નહીં, પરંતુ પરાગણ પ્રક્રિયા પર પણ ગંભીર અસર પડશે, જેના કારણે ખેતી અને જૈવવિવિધતા બંને જોખમમાં મુકાઈ શકે છે.

### વધુ એક...

તેના સેન્ટીંગના સ્ટ્રક્ચર કાઢતી વખતે સિમેન્ટના મોટા પોપડા ઉખડીને નીચે પડ્યા હતા. જેને લઇ ટાંકીના બાંધકામને લઇ ભારે વિવાદ ઉઠ્યો છે.વલસાડના કલ્યાણબાગમાં જીયુડીસી(ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની) દ્વારા શહેરના લોકોને પાણી પહોંચાડવા 11 લાખ લિટરની કેપેસિટી વાળી ટાંકીનું નિર્માણ ચાલી રહ્યું હતુ. આ નિર્માણાધિન ટાંકી પહેલેથી જ ભારે વિવાદોમાં આવી હતી. આ દરમિયાન આજરોજ તેના સેન્ટીંગના પતરા કાઢતી વખતે તેનું સ્ટ્રક્ચર તૂટી પડ્યું હતુ. જેને લઇ સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઇ હતી. જોકે, આ ઘટનામાં કોઇ જાનહાનિ પહોંચી ન હતી. આ પ્લાસ્ટર પડ્યું ત્યારે નીચે કોઇ ન હોય મોટી દુર્ઘટના થતાં બચી ગઇ હતી. જોકે, ઘટનાના પગલે સમગ્ર દિવસ દરમિયાન શહેરમાં હાઈવોલ્ટેજ ડ્રામા ચાલ્યો હતો. ઘટનાના પગલે યુથ કોંગ્રેસના કાર્યકરો તાત્કાલિક ઘટના સ્થળે આવી ગયા અને તેમણે ભાજપનો હુરિયો બોલાવ્યો હતો.

### ટાંકીની દુર્ઘટના સાથે આખો દિવસ રોડ બંધ કરાયો

વલસાડમાં પાણીની ટાંકીની દુર્ઘટના બાદ સમગ્ર રોડ બંધ કરી દેવાયો હતો. મોડી સાંજ સુધી તેના તૂટેલા સ્ટ્રક્ચરના ઢીલા પતરા કાઢવાનું કામ ક્રેન થકી ચાલી રહ્યું હતુ. જેના કારણે આખો રોડ દિવસ દરમિયાન બંધ કરાયો હતો. જેથી કલ્યાણબાગ સર્કલ અને સ્ટેશન રોડ પર સતત ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાના પગલે દિવસ દરમિયાન પોલીસ પણ ટ્રાફિક નિયમનમાં જોતરાઇ હતી.

### પાલિકા પ્રમુખ કે કોઇ ભાજપ અગ્રણી ફરક્યું સુદ્ધા નહીં

વલસાડમાં બનેલી આ દુર્ઘટના બાદ પાલિકાના પ્રમુખ માલતી ટંડેલ નૈતિક જવાબદારી ભૂલ્યા હતા. તેઓ અહીં ફરક્યા જ ન હતા. આ ઘટના બાદ સૌ પ્રથમ આરોગ્ય કમિટીના ચેરમેન હીતેશ ભંડારી આવી ગયા હતા. ત્યારબાદ અન્ય પદાધિકારીઓમાં આશિષ દેસાઇ, વિમલ ગજધર ત્યાં આવ્યા હતા. જોકે, અન્ય કોઇ પણ ભાજપીઓ દેખાયા ન હતા. જેના કારણે લોકોમાં ભાજપના શાસન સામે ભારે વિરોધ ઉઠ્યો હતો. તેમજ તેમની કામગીરી સામે ભારે આક્રોષ ઠાલવ્યો હતો. પાલિકાના અધિકારીઓ પણ ઘટનાના 5 કલાક બાદ આવ્યા હતા તેમજ જીયુડીસીના અધિકારીઓ પણ 5 કલાક બાદ ઘટના સ્થળે આવી પહોચ્યા હતા.

### આ પાણીની...

જ જયંતિ સુપર કન્સ્ટ્રક્શન દ્વારા બનાવાઇ રહી હતી. જેની ગુણવત્તા સામે સુરતની ઘટના બાદ સવાલો ઉઠ્યા હતા. જોકે, આ મામલે પાલિકા અને જીયુડીસી જવાબદારીમાંથી છટકવાની વાત કરતા હતા.

### ભાજપ તેરી...

જવા જણાવતાં પોલીસ અને યુથ કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થોડી ગરમાગરમી થઇ ગઇ હતી. તેમના આ ધરણાં પૂર્ણ કરાવવા જીયુડીસીના અધિકારીઓમાં પ્રોજેક્ટ મેનેજર કે.ડી.પટેલ અને અંકુર પટેલ આવી પહોંચ્યા હતા. તેમણે તેમનો ક્વોલિટી રિપોર્ટ બતાવ્યો હતો અને ફરીથી તેની ચકાસણી કરી ઘટતું કરવાની વાત કરી તેમના ધરણાં પૂરા કરવા વિનંતિ કરી હતી. જોકે, યુથ કોંગ્રેસના કાર્યકરોએ તેમને અને નગરપાલિકાના એન્જિનિયરને પણ આડે હાથે લીધા હતા. તેમણે જણાવ્યું કે, કલ્યાણ બાગમાં રોડ માર્જિન વિના કઇ રીતે ટાંકી બનાવવાની પરવાનગી આપી. જેનો જવાબ નગમા આપી શક્યા ન હતા. જોકે, સમગ્ર મામલે પોલીસે વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.

### જીયુડીસીના...

બહાર આવ્યું હતુ. તેઓ વાપી ખાતેની કચેરીમાં બેસતા હતા. વલસાડના કલ્યાણ બાગની ટાંકીનું સુપરવિઝન તેમણે કરવાનું હતુ. જોકે, તેમણે પોતાના સુપરવિઝનમાં ટાંકીની કામગીરી જોઇ કે નહી તેની સામે પણ સવાલો ઉઠ્યા હતા.

### ઘટનાની તપાસ...

હતો. અહીં બની રહેલી ટાંકીના સેન્ટીંગનું સ્ટ્રક્ચર તૂટ્યું હતુ. જેનો કોઇ સ્લેબ તૂટ્યો નથી. આ ઘટનામાં સિમેન્ટનું થોડું પ્લાસ્ટર તૂટ્યું છે, પરંતુ સ્ટ્રક્ચર તૂટ્યું નથી. તેમણે આ મામલે કસૂરવાર સામે પગલાં લેવાની હૈયાધરપત પણ આપી હતી.

### ચોર્યાસી-ઓલપાડ...

મુજબ નહી હોવાનો રીપોર્ટ આવ્યો છે. નિયમ અનુસાર નીરામાં ટોટલ સુગર મીનીમમ 13.0% હોવી આવશ્યક છે, જ્યારે તપાસ કરાયેલા સેમ્પલમાં આ પ્રમાણ ઓછું નોંધાયું હતું. જેના કારણે નીરાની ગુણવત્તા અને શુદ્ધતા પર સવાલ ઊભા થયા છે. સેમ્પલ ધારાધોરણ મુજબના ન હોવાનું સ્પષ્ટ થતાં સુરત મનપાના ફૂડ વિભાગ દ્વારા બંને સંસ્થાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### કાયદો બનાવનારને...

હજી પણ કોઈ અસામાજિક તત્વ હશે તો બતાવવાની જાહેર અપીલ તેમણે કરી હતી. સ્કૂલો કે અન્ય સ્થળોએથી જો કોઈ પણ ફરિયાદ મારી સુધી પહોંચે, તો તે કોઈપણ સમાજની દીકરી કેમ ન હોય, તેની સુરક્ષાની સંપૂર્ણ જવાબદારી મારી હોવાનું તેમણે સ્પષ્ટ કહ્યું હતું. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અનેક કેસોમાં ફરિયાદ બહાર ન આવે, પેપર સુધી ન પહોંચે અને આસપાસના લોકોને પણ ખબર ન પડે તે રીતે કાર્યવાહી કરવામાં આવી છે. જાહેર મંચ પરથી કરાયેલા આ નિવેદનો બાદ દીકરીઓની સુરક્ષા, કાયદાકીય પ્રક્રિયા અને વ્યવહાર અંગે વિવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

### અનિલ બગદાણાની...

હોવાનું સુરત આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જો કે લક્ષ્મી ડાયમંડ ઓફિસ પર હજી કેટલાંક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે. અનિલ બગદાણાની તપાસમાં જ સટ્ટાખોર મુન્ના ઓલપાડીનું કનેકશન મળ્યું હતું.

આ દરોડા દરમિયાન આવકવેરા વિભાગની ડીઆઇ વિંગે 25 કરોડથી વધુની રોકડ અને જ્વેલર્સનું સ્થળ પર વેલ્યુએશન કરાવીને પોતાના તાબામાં લીધું હોવાનું જાણવા મળ્યું છે. સાથે બે ટેમ્પા ભરીને મળેલા નામી-બેનામી સંપત્તિના દસ્તાવેજો આવકવેરા વિભાગે સીઝ કર્યા હોવાનું જાણવાં મળ્યું છે. આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગજેરા બંધુ અને અનિલ બગદાણાને ત્યાં થયેલી તપાસમાં વિદેશી ફંડિગના કેટલાક બિનહિસાબી ડોક્યુમેન્ટ મળી આવ્યાં હોવાનું કહેવાય છે. જેને પગલે અડાજણના ફાઈનાન્સર અને સટ્ટાખોર બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડીની પાલ-હજીરા રોડ પર જુનેમોનેટો ટાવરામાં આવેલી ઓફિસમાં આઈટી વિભાગે પહોંચીને તપાસ શરુ કરી દીધી છે.

### સટ્ટાની આવકનું જમીનમાં રોકાણ અને હવાલા વિદેશોમાં

બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્નો ઓલપાડી કરોડો રુપિયા સટ્ટામાં કમાયો છે. અનિલ બગદાણા અને તરૂણ ભગત સાથેની આ કડી તપાસમાં પરિણમી છે. સટ્ટાના રૂપિયા જમીનમાં રોક્યા છે અને જે જમીનો વેચવામાં આવી છે તે બ્લેકમની હવાલા મારફત વિદેશ મોકલવામાં આવ્યા હોવાની તપાસ આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. હવાલા મારફતે રુપિયા દુબઇ મોકલવામા આવ્યાં હોવાની શંકા આવકવેરા વિભાગને છે.

### હવે આવકવેરા વિભાગ શું કાર્યવાહી કરશે?

જાણકાર ટેક્સ કન્સલ્ટના જણાવ્યા મુજબ સર્ચ દરમિયાન આવકવેરા વિભાગ જ્વેલરી કે જે કોઈ ચીજવસ્તુ કબ્જે કર્યા હોય એનું સ્થળ પર વેલ્યુએશન કરાવીને પોતાના કબ્જામાં લઈ લે છે. હવે પછી સુરત આવકવેરા વિભાગ દરોડાગ્રસ્ત પાર્ટીના આઠ વર્ષનું બ્લોક એસેસમેન્ટ ઓપન કરશે અને લોકર હોય તો લોકર ખોલવાની પ્રક્રિયા પણ કરશે. ત્યારબાદ ઇન્કમટેક્સ એક્ટની ૧૫૮-બીની કલમ હેઠળ જે તે પાર્ટીને નોટિસ ઈસ્યુ કરશે. તેમને એક રિવાઇઝ રિટર્ન ફાઇલ કરવા માટેની તક આપવામાં આવશે.

### મધરાતે મહિન્દ્રા...

લીધા હતા. આ અકસ્માતમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા છે. સદનસીબે ઘટનાનો સમય મોડીરાત્રેનો હોવાથી અને મોટા ભાગના વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ અનેક વાહનોને ભારે નુકસાન પહોંચ્યું છે. અકસ્માત સર્જનાર યુવકની ઓળખ વિરલ દેસાઈ તરીકે થઈ છે, જે માલેતુજાર પરિવારનો હોવાનું સામે આવ્યું છે. યુવકને પણ ઈજા થતાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ચર્ચા મુજબ, ઓવરસ્પીડિંગને બદલે 'ચાલુ ગાડીમાં અચાનક ખેંચ આવવાથી' અકસ્માત થયો હોવાનું કારણ આપવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ ડુમસ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત તમામ વાહનો કબજામાં લઈ તપાસ શરૂ કરી છે. ચાલક નશાની હાલતમાં હતો કે કેમ, તેમજ અકસ્માત પાછળ તબીબી કારણ જવાબદાર છે કે અતિઝડપ આ તમામ પાસાંઓની તપાસ ચાલી રહી છે.

### 'ખેંચ'ના બહાને...

જેવા મુદ્દાઓ જાહેર કેમ ન કરાયા? આલ્કોહોલ ટેસ્ટ નેગેટિવ હોવાનું કહેવાય છે, પરંતુ મેડિકલ ફિટનેસ અને ડ્રાઇવિંગ ક્ષમતા અંગે બીજી તપાસ કરાઈ કે નહીં તે પણ સવાલ છે. ડુમસ રોડ પર વારંવાર ગંભીર અકસ્માત કેમ બને છે. રસ્તાની ડિઝાઇન, સિગ્નલિંગ, લાઇટિંગ કે ટ્રાફિક મોનિટરિંગમાં ખામી છે? સ્થાનિકોમાં શંકા છે કે શું તપાસમાં ઉતાવળ દેખાઈ રહી છે અને શું તમામ પાસાંને સમાન રીતે ચકાસવામાં આવી રહ્યા છે?

### આ સવાલ...

મેડિકલ દસ્તાવેજોની પોલીસ દ્વારા સ્વતંત્ર ચકાસણી કરાઈ કે નહીં?
- આલ્કોહોલ ટેસ્ટ સિવાય અન્ય મેડિકલ ફિટનેસ ટેસ્ટ કરાયા કે નહીં?
- ડુમસ પોલીસ દ્વારા 'ખેંચ'ના કારણને એટલી ઝડપથી કેમ આગળ ધપાવવામાં આવ્યું?
- ચાલકની ઉલટ તપાસ (ક્રોસ વેરિફિકેશન) કરવામાં આવી કે નહીં?
- ડુમસ રોડ પર વારંવાર ગંભીર અકસ્માત થવાનું કારણ શું? રસ્તાની ડિઝાઇન, સિગ્નલિંગ કે ટ્રાફિક નિયંત્રણમાં ખામી?
- ડુમસ પોલીસને અકસ્માતની ઘટનામાં આટલી ઉતાવર કેમ હતી?

### મુન્નો ઓલપાડી...

મેળવનારા મોટાગજાના બિલ્ડરો પણ વરુણીમાં આવવાની શક્યતાને સૂત્રો નકારતાં નથી.

### બ્રિજેશ ઠક્કર...

હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. જેને પગલે બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડી સાથે કનેક્શન ધરાવનારામાં ભાગદોડ મચી ગઈ છે.

**માર્ગ અને મકાન પેટા વિભાગ જાહેર નિવીદા : ૦૩ સને ૨૦૨૫-૨૬**
**ગુજરાત સરકાર**

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા X મ) પેટા વિભાગ, રાજપીપલા જી.નર્મદા, એસ.ટી.ડેપો પાસે, ૩૯૩૧૪૫, ચાલુ/ખાસ મરામત પ્રકારના કુલ ૧૨ (બાર) કામ છે. જેના માન્ય ઈજારદારશ્રી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા.૦૫/૦૨/૨૦૨૬ તથા ભરેલા ભાવપત્રકો સ્વીકારવાની છેલ્લી તા.૧૨/૦૨/૨૦૨૬ છે. ભાવપત્રકો જે કચેરીએથી ઇસ્યુ કરવામાં આવશે તે કચેરએ પરત સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીમાં જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઇજારદારોએ રૂબરૂમાં સંપર્ક સાધવા વિનંતી છે. જો શક્ય હશે તો સદર કામના ટેન્ડરો તે જ દિવસે અથવા તો બીજા દિવસે કચેરીના સમય દરમ્યાન ખોલવામાં આવશે.

માહિતી/નર્મદા/૪૬૬/૨૦૨૫-૨૬

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
सेन्ट्रल बैंक ऑफ इंडिया
Central Bank of India

અંકલેશ્વર જીઆઈડીસી શાખા : મસાલાવાલા શોપિંગ સેન્ટર, સ્ટેશન રોડ, જીઆઈડીસી રોડ, નેશનલ હાઈવે નં. ૮, અંકલેશ્વર જીઆઈડીસી, અંકલેશ્વર-૩૯૩૦૦૨

**પઝેશન નોટીસ**

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨, રૂલ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઈ.ડી.સી શાખાના** અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૬.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા ઉધારકર્તા **શ્રી કાલુભાઈ મુળજીભાઈ થેસીયા (કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૫,૩૯,૭૪૫/- (રૂા. પાંચ લાખ ઓગણચાલીસ હજાર સાતસો પીસતાલીસ પુરા)** ચડત વ્યાજ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા/જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ ૧૩ ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૩૦.૦૧.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **સાંકેતિક કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, અંકલેશ્વર જી.આઈ.ડી.સી શાખા** ના બાકી લેણા **રૂા. ૫,૩૯,૭૪૫/- (રૂા. પાંચ લાખ ઓગણચાલીસ હજાર સાતસો પીસતાલીસ પુરા)** તા. ૦૬.૧૧.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે.

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

**સ્થાવર મિલકતની વિગત**

શ્રી કાલુભાઈ મુળજીભાઈ થેસીયાની માલિકીની મિલકત જે જમીનનો આર.એસ. નં. ૧૯૪/પી પૈકી કોમંશીયલ પ્લોટ નં. ૫૬૦૨-સી-૧ અને ૫૬૦૧-સી-૧૪, ક્ષેત્રફળ એરીયા ૧૧૪૪.૦૦ સ્કે.મીટર, પૈકી નવસર્જન ઈન્સ. કો. ઓપ. બેંક લિ. કોમ્પ્લેક્ષ પૈકી ગ્રાઉન્ડ ફલોર, દુકાન નં. ૧૧, ક્ષેત્રફળ એરીયા ૧૬.૭૨ સ્કે.મીટર, જે સ્થિત સીમ ગામ-ભડકોદરા, તાલુકા-અંકલેશ્વર, જિ. ભરૂચની ત્યાં ઉભી રહેલી ઈમારતો સાથે આવેલ મિલકત.

**ચતુરસીમા :** ● **પુર્વે :** લાગુ દુકાન નં. ૧૨ ● **પશ્ચિમે :** દુકાન નં. ૧૫, રી પ્લાન દુકાન નં. ૯ અને ૧૦ ● **ઉત્તરે :** દુકાન નં. ૮ ● **દક્ષિણે :** ૧૬.૦૦ મીટર રોડ

સહી/-
અધિકૃત અધિકારી,
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

તારીખ : ૩૦.૦૧.૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર
(વિવાદીત સ્થિતીમાં અંગ્રેજીની માન્ય ગણાશે)